eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 313
May 04, 2012

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે શહેરી વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્‌ઘાટનવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિસ્તારમાં આઠ પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ તથા ચાર પ્રકલ્પોની ઉદ્‌ઘાટનવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ગુજરાત રાજય સ્થાપના દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા "પંખીઓના માળાનો કલશોર" સંગીત કાર્યક્રમનું આયોજન



૧ લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત અને ગુજરાતીઓની સ્વતંત્ર ઓળખ સમા "ગુજરાત રાજય સ્થાપના દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૫/૨૦૧૨ રોજ સાંજે ૫.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન,સુરત ખાતે શ્રી અંકિત ત્રિવેદી અને સાથી વૃંદનો સંગીત કાર્યક્રમ "પંખીઓના માળાનો કલશોર" નું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે ધોરણ–૯માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ જોગ જાહેરાત

આથી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તેમજ હદ વિસ્તરણ બાદ નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળાઓ ન.પ્રા.શિ.સમિતિ હસ્તક લેવામાં આવેલ છે. તેવી શાળાઓ ખાતે અભ્યાસ કરી ધોરણ–૮ પાસ થયેલ વિદ્યાર્થીઓ તથા વાલીઓને જણાવવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્મીમેર ખાતે એક દિવસીય માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના તાલીમ કાર્યક્રમનું આયોજન



તાજેતરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા નિયુકત થયેલ અપીલ અધિકારીઓ, જાહેર માહિતી અધિકારીઓ અને મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ માટે માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળની ખાસ તાલીમનું આયોજન કરવા અમદાવાદ સ્થિત સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાને વિનંતી કરતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે શનિ ગ્રહ નિહાળવાની વ્યવસ્થા



સૂર્યમંડળમાં સૂર્યથી છઠ્ઠા સ્થાને આવેલો શનિગ્રહ તા.૧૫/૦૪/૨૦૧૨ના રોજ પૃથ્વીથી અને સૂર્યથી વિરુધ્ધ દિશામાં આવ્યો હતો. જેથી સૂર્યાસ્ત થતાની સાથે શનિગ્રહને રાત્રી આકાશમાં ૦.૩ મેગ્નીટયુડની તેજસ્વીતાથી નિહાળી શકાતો હોવાથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને તારીખ ૨૧ અને ૨૨ એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન રાત્રે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉનાળાની રજાઓ દરમ્યાન સરથાણા નેચરપાર્ક–પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે દરરોજ સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે

હાલમાં સ્કુલો, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પુરુ થતા અને ઉનાળુ વેકેશનની રજાઓ શરૂ થતાં સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડનને સક્ષમ સત્તાધિશે તા.૧૯/૦૪/૨૦૧૨ થી તા.૧૦/૦૬/૨૦૧૨ સુધી અઠવાડિયાના તમામ દિવસે મુલાકાતીઓ માટે ચાલુ રાખવાનો તેમજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી પ્રવેશ આપવાને બદલે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે શહેરી વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્‌ઘાટનવિધિ




નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિસ્તારમાં આઠ પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ તથા ચાર પ્રકલ્પોની ઉદ્‌ઘાટનવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી.

ઉધના ઝોન વિસ્તારમાં ટી.પી.નં.૧ (ઉધના,મજુરા) ફા.પ્લોટ નં.૧૩૦ ખાતે ઉધના ખટોદરા અંબાનગર જેવા મધ્યમ ગરીબ વર્ગની જનતાને સામાજીક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની સુવિધા અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરવામા આવેલ છે. જે મુજબનાં કોમ્યુનીટી હોલ રૂા.૧,૩૨,૩૮,૯૭૯/– નાં ખર્ચે સાકરિત કરવામાં આવનાર છે.

ઉધના મગદલ્લા રોડ ઉપર સોસીયો સર્કલ તથા ભટાર ચાર રસ્તા જેવા વિસ્તારમાં ટ્રાફિક સરળીકરણના હેતુને પૂર્ણ કરવા માટે ઉધના–મગદલ્લા સોસીયો સર્કલ જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજની ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી આ ફલાય ઓવર બ્રીજની કુલ લંબાઈ (એપ્રોચ સહિત) ૪૫૩–૫૯૫ મીટર તથા કુલ પહોળાઈ ૨૩.૨૦ મીટરના ત્રણ લેન્ડ અપ, ત્રણ લેન અપ ડાઉન સદર ફલાય ઓવર બ્રીજનો ખર્ચ રૂા.૨૬.૭૮ કરોડના ખર્ચે તેમજ ભટાર ચાર રસ્તા ફલાય ઓવર બ્રીજની લંબાઈ ૪૫૮.૨૪ મીટર તથા પહોળાઈ ૨૩.૨૦ મીટર (ત્રણ લેન અપ, ત્રણ લેન ડાઉન) રાખવામાં આવનાર છે જે બ્રીજ અંદાજે ૨૬.૯૪ કરોડનાં ખર્ચે સાકારિત થનાર છે. સમગ્ર ફલાય ઓવર બ્રીજનું કાર્ય ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવનાર છે.



સુરત શહેર દિન પ્રતિદિન વિકાસની હરણ ફાળ ભરતું શહેરમાં ગણના થાય છે. ત્યારે સુરતમહાનગરપાલિકામાં આજરોજ સુરત શહેરનાં પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) એ સુરત મહાનગરપાલિકાનાં ગાંધી ખંડમાં યુનિક આઈડન્ટીફીકેશન પ્રોજેકટ (આધાર) નો ખુલ્લો મુકી શુભારંભ કર્યો હતો. આધારથી પ્રત્યેક વ્યકિતને ૧૨ અંકનો યુનિક આઈડી ક્રમાંક આપવામાં આવશે જે વ્યકિતની ઓળખ પ્રસ્થાપિત કરે છે. વ્યકિતની અલગતા/અજોડતા તારવે તેવા ડેમોગ્રાફિક અને બાયોમેટ્રીક માહિતી એકઠી કરવામાં આવશે. જે યુનિક આઈડીના કાર્ડની સમજ તેમજ તેની કયા ક્ષેત્રમાં જરૂરીયાત પડશે જે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

**Continue …**



EWS આવાસ કોસાડ ખાતે લોકોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ તેમજ દવા વિગેરે આવશ્યક વસ્તુનું સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે જે આશયથી કુલ ૧૭ દુકાનોનું રૂા.૫૬–૬૩ લાખ રૂપિયામાં નિર્માણ કરવામાં આવનાર છે. વધુમાં EWS આવાસ કોસાડ ખાતે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો માટે સામાજિક સાંસ્કૃતિક પ્રસંગોની ઉજવણીને ધ્યાનમાં લઈ એક કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.તથા કોસાડ ગામ ખાતે છેક છેવાડાના નાગરીકોના બાળકોને પાયાનું શિક્ષણ મેળવવા દૂર સુધી જવુ ન પડે જે માટે સુરત મહાનગરપાલિકાએ કોમ્યુટર શિક્ષણ તેમજ રમત–ગમત ક્ષેત્રે સુવિધાથી ઉપલબ્ધ થાય એવી એક પ્રાથમિક શાળાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

સંપૂર્ણ સુવિધા સભર આ પ્રાથમિક શાળાનું નિર્માણ રૂા.૮૨.૪૭ લાખનાં ખર્ચે થનાર છે.

છેવાડના માનવીને પાયાની જરૂરિયાત સાથે શિક્ષણ તથા આરોગ્ય પ્રદ જીવન પણ ખૂબજ જરૂરી છે જે આશયથી ઉત્રાણ ખાતે આશરે ૭૫૦૦૦ હજાર જેટલી વસ્તીને ધ્યાનમાં લઈ પ્રાથમિક આરોગ્ય લક્ષી સારવાર મળી રહે જે આશયથી ઉત્રાણ ગામ ખાતે એક હેલ્થ સેન્ટરનું આયોજન કરવામાં આવેલ છે. રૂા.૪૦–૦૭ લાખ નાં ખર્ચે નિર્માણ કરવામાં આવશે.

હાલમાં સુરત શહેરનાં હદ વિસ્તાર ત્રણ ગણો વિસ્તરણ થવાનાં પગલે સુરત શહેરની વસ્તીને ધ્યાને લઈ સુરત શહેરમાં વોટર સપ્લાય પ્લાન બનાવવાંમાં આવેલ છે. આ યોજનામાં હવે પછીની શહેરની વસ્તીને ધ્યાનમાં લઈ આ પ્રોજેકટ હાલમાં સરથાણા ખાતે મા. મેયરશ્રીના વરદ્દહસ્તે કાર્યરત કરવામાં આવેલ છે. સમગ્ર પ્રોજેકટનો કુલ ખર્ચ રૂા.૫૮.૪૭ કરોડનાં ખર્ચે સાકારિત કરી શહેરી જનતાને અર્પણ કરેલ છે. જે મુજબ શહેરમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારને પાણી પુરવઠો મળી રહે જે આશયથી ભેસ્તાન ખાતે ફા.પ્લોટ નં.૬૯ ખાતે જીયાવ,બુડીયા તથા અન્ય નવા વિસ્તારને પાણીની સુવિધા પ્રાપ્ત થાય જે આશયથી JnNURM ના યોજના હેઠળ અંડર ગ્રાઉન્ડ ટાંકીનું નિર્માણ કરવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૧૦૪૧–૨૬ લાખનાં ખર્ચે સાકારિત થયેલ છે.



શહેરમાં દૈનિક ઉત્પન્ન થતાં ઘનકચરાના નિકાલ માટે અંદાજીત ૧૨૦૦ મેટ્રીક ટન ઘનકચરાનું ખજોદ ડીસ્પોઝલ સાઈટ ખાતે નિકાલ કરવામાં આવે છે. પરંતુ આ ઘનકચરો પર્યાવરણને નુકશાનરૂપ ન બને જે હેતુસર આ પ્લાન્ટમાં ૬૦૦ મે.ટન ઘનકચરો નિકાલ કરવા માટે વેસ્ટ ટુ પાવર પ્લાન્ટ થકી પૃથ્થકરણ કરી જેનો નિકાલ કરવા માટે સુવ્યવસ્થિત આ પ્લાન્ટ આયોજન કરવામાં આવનાર છે.

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા ખાતે આવેલ ગાંધીસ્મૃતિ ભવન ખાતે મલ્ટીલેવલ પાર્કીગ જેવી સુવિધા પૂરી પાડી સુરત શહેરમાં જટીલ ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે સુરત શહેરનાં મધ્યભાગમાં આવેલ ગાંધીસ્મૃતિ ભવન ખાતે મલ્ટીલેવલ પાર્કીગમાં કુલ–૩૨ કાર પાર્કીગ તથા ૨૫૨ ટુ વ્હીલર પાર્ક કરી શકાય તે મુજબનું પાર્કીગ કુલ રૂા.૯૬,૯૦,૦૦૦/– નાં ખર્ચે સાકારિત કરી મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં વરદહસ્તે શહેરી જનતાને લોકાર્પણ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સાંસદ સભ્યશ્રી સી.આર.પાટીલ, ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા તથા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, કલેકટર અને મ્યુ. કમિશ્નરશ્રી એ. જે. શાહ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## "ગુજરાત રાજય સ્થાપના દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા "પંખીઓના માળાનો કલશોર" સંગીત કાર્યક્રમનું આયોજન



૧ લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત અને ગુજરાતીઓની સ્વતંત્ર ઓળખ સમા "ગુજરાત રાજય સ્થાપના દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૫/૨૦૧૨ રોજ સાંજે ૫.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન,સુરત ખાતે શ્રી અંકિત ત્રિવેદી અને સાથી વૃંદનો સંગીત કાર્યક્રમ "પંખીઓના માળાનો કલશોર" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટયથી કરી હતી.

ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણીની સોનેરી સંધ્યાએ યોજાયેલ "પંખીઓના માળાનો કલશોર" સંગીત કાર્યક્રમમાં કલાકારો સર્વશ્રી અંકિત ત્રિવેદી,ભુમિક શાહ, હિમાલી વ્યાસ, અભિજીત રાવ, પરાગી અમર, મયુર દવે, રીતેષ ઉપાધ્યાય, મનીષી રાવલ, મનીષ કંસારા અને રાજેશ મટાએ ગીતોની સુંદર રજુઆત કરી હતી. જેને પ્રેક્ષાગારમાં ઉપસ્થિત સુરત શહેરની કલારસિક અને સંગીતપ્રેમી જનમેદનીએ મનભરીને માણ્યું હતું.



આ અવસરે મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ, ડે.મેયર શ્રીમતિ વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકરસિંગ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને સંગીતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે ધોરણ–૯માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ જોગ જાહેરાત

આથી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તેમજ હદ વિસ્તરણ બાદ નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળાઓ ન.પ્રા.શિ.સમિતિ હસ્તક લેવામાં આવેલ છે. તેવી શાળાઓ ખાતે અભ્યાસ કરી ધોરણ–૮ પાસ થયેલ વિદ્યાર્થીઓ તથા વાલીઓને જણાવવામાં આવે છે કે સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે ધોરણ–૯માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા.૦૪/૦૫/૨૦૧૨ થી તા.૦૮/૦૫/૨૦૧૨ સુધી સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન પ્રવેશ અંગેના નિયત ફોર્મ વિતરણની તથા ભરાયેલ ફોર્મ સ્વીકારવાની કામગીરી તેમજ તા.૦૮/૦૫/૨૦૧૨ સુધીમાં પરત આવેલ પ્રવેશ ફોર્મના આધારે તા.૦૯/૦૫/૨૦૧૨થી મેરીટસ યાદી મુજબ પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન લાગત સુમન હાઈસ્કુલ ખાતેથી પ્રવેશ ફોર્મ મેળવી સંપુર્ણ વિગત ભરી શાળા છોડયાના પ્રમાણપત્ર તેમજ ધોરણ–૮ પાસ થયા અંગેની માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સાથે રૂબરૂમાં પરત કરી નિયમાનુસાર પ્રવેશ મેળવી લેવા સુરત મહાનગરપાલિકાની એક યાદી જણાવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્મીમેર ખાતે એક દિવસીય માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના તાલીમ કાર્યક્રમનું આયોજન



તાજેતરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા નિયુકત થયેલ અપીલ અધિકારીઓ, જાહેર માહિતી અધિકારીઓ અને મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ માટે માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળની ખાસ તાલીમનું આયોજન કરવા અમદાવાદ સ્થિત સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાને વિનંતી કરતાં સંસ્થાના મહાનિર્દેશકશ્રી અરવિંદ અગ્રવાલ સાહેબને મંજુરી મળતા સ્મીમેર ખાતે એક દિવસીય માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના ૩૨૮ જેટલા વિવિધ કક્ષાના અધિકારીઓ/કર્મચારીઓએ તાલીમમાં ભાગ લીધો હતો. આ તાલીમમાં આર.ટી.આઈ.નાં નિષ્ણાંતો પૈકી ડો.એ.કે.ગણાત્રા, શ્રી હિર્ણેશ ભાવસાર તથા શ્રી એસ.ડી.સતપરીયા ધ્વારા તાલીમાર્થીઓને વિવિધ મુદ્દાઓ ઉપર અગત્યની માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં લોકપ્રશાસન સંસ્થાના નાયબ નિયામક શ્રીમતી કે.જે.ત્રિવેદી પણ હાજર રહયા હતા.

ખાસ કરીને આ તાલીમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા નવ નિયુકત પામેલ અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારીઓએ ખૂબ જ રસ દાખવી સમગ્ર તાલીમ દરમ્યાન રસપૂર્વક ભાગ લીધો હતો. આ તાલીમ દરમ્યાન તમામ તાલીમાર્થીઓને લોકપ્રશાસન સંસ્થા તરફથી ચા અને ભોજનની વ્યવસ્થા સ્થળ ઉપર પુરી પાડવામાં આવી હતી અને સરકારશ્રી તરફથી પૂર્ણ્ સહયોગ પ્રાપ્ત થતાં, સફળતાપૂર્વક તાલીમ સંપન્ન થઈ હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે શનિ ગ્રહ નિહાળવાની વ્યવસ્થા



સૂર્યમંડળમાં સૂર્યથી છઠ્ઠા સ્થાને આવેલો શનિગ્રહ તા.૧૫/૦૪/૨૦૧૨ના રોજ પૃથ્વીથી અને સૂર્યથી વિરુધ્ધ દિશામાં આવ્યો હતો. જેથી સૂર્યાસ્ત થતાની સાથે શનિગ્રહને રાત્રી આકાશમાં ૦.૩ મેગ્નીટયુડની તેજસ્વીતાથી નિહાળી શકાતો હોવાથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને તારીખ ૨૧ અને ૨૨ એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન આ ગ્રહને નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં શહેરીજનો અને વિદ્યાર્થીઓને શનિગ્રહના સુંદર વલયો તથા તેનો ચંદ્ર ટાઈટન બતાવીને આકાશ દર્શન કરાવવામાં આવ્યું હતું. સદર વિશેષ કાર્યક્રમમાં જાહેર જનતાએ બહોળી સંખ્યામાં ભાગ લઈ ઉત્સાહભેર નિહાળ્યું હતું.

**TOP**

## ઉનાળાની રજાઓ દરમ્યાન સરથાણા નેચરપાર્ક–પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે દરરોજ સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે

હાલમાં સ્કુલો, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પુરૂ થતા અને ઉનાળુ વેકેશનની રજાઓ શરૂ થતાં સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડનને સક્ષમ સત્તાધિશે તા.૧૯/૦૪/૨૦૧૨ થી તા.૧૦/૦૬/૨૦૧૨ સુધી અઠવાડિયાના તમામ દિવસે મુલાકાતીઓ માટે ચાલુ રાખવાનો તેમજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી પ્રવેશ આપવાને બદલે સાંજે ૬.૦૦ વાગ્યા સુધી પ્રવેશ આપવાનો નિર્ણય કરેલ છે. આવનાર મુલાકાતીઓ વધુમાં વધુ સાંજે ૭.૩૦ કલાક સુધી નેચરપાર્કની અંદર હરી ફરી તેમજ વન્ય પ્રાણી, જીવજંતુઓ સાથે પ્રાકૃતિક સૌંદર્ય નિહાળી શકશે. જેનો લાભ સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં વસતા સર્વે જાહેર જનતા તેમજ વન્યજીવ પ્રેમીઓને લેવા વિનંતી છે. જે પ્રાણીસંગ્રહાલય ખાતાના ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પી.સી.મહેતા તેમની એક યાદીમાં જણાવે છે.

TOP